ફેક્સ નં: 0288-2555966 ફોન નં: 0288-2555429

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

માહિતી અને જનસંપર્ક વિભાગ
ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર - ૩૬૧૦૦૮
Website: www.ayurveduniversity.edu.in Email: pro@ayurveduniversity.com

અખબારી યાદી નં. ૦૧

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અંતગર્ત રહેલી ગુજરાતની તમામ હોસ્પિટલોને NABH ફરજીયાત – વીમા ધ્વારા કેશલેશ સુવિધા ઉપલબ્ધ કરાવાશે... ડો. મુકુલ પટેલ.

ગુજરાતમાં વિશ્વની વિખ્યાત અને સૌ પ્રથમ શરૂ થયેલ યુનિવર્સિટી–ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી તેનાં શૈક્ષણીક સ્તર તેમજ મૂલ્યો માટે વિખ્યાત ગણાય છે. આ વર્ષે આ યુનિવર્સિટીએ એક અદ્વિતીય અને પ્રસંશનીય પગલું ભરેલું છે જેમાં આ યુનિવર્સિટી અંતગર્ત આવેલ તમામ કોલેજ અને તેની સંલગ્ન હોસ્પિટલોને NABH એટલે કે નેશનલ એક્રેડીએશન બોર્ડ ધ્વારા એક્રેડીએશન મેળવવા અંગે ચક્રો ગતિમાન કરાયા છે એનાં અનુસંધાને તા. ૨૫ એપ્રિલના NABHનાં ડાયરેક્ટર તેમજ જોઈન્ટ ડાયરેક્ટર ધ્વારા એક સેમિનારનું આયોજન કરાયું છે જેમાં યુનિવર્સિટીએ તમામ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલનાં પ્રિન્સીપાલ, હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ તેમજ કોલેજનાં ટ્રસ્ટી મંડળના સભ્યોને ભાગ લેવા ફરજીયાતપણે બોલાવવા પરિપત્ર જારી કર્યો છે.

આ ટ્રેઈનીગ સેશનમાં NABH એક્રેડીએશન અંગે તમામ માહિતી તેમજ પ્રેક્ટીકલ ટ્રેઈનીગ અંગે માર્ગદર્શન અપાશે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલરશ્રી ડો. મુકુલ પટેલે જણાવ્યું છે કે તેઓ ગુજરાતની તમામ કોલેજ, સંલગ્ન હોસ્પિટલને NABH એક્રેડીએશન ફરજીયાત કરાવાશે અને આ અંગે જો કોઈ કોલેજ ક્યાશ રાખશે તો એમને આ અંગે દંડકીય કાર્યવાહી પણ કરાશે. જેથી કરીને આ ટ્રેઈનીગ પ્રોગ્રામ ગોઠવવામાં આવેલ છે.

શ્રી ડો. મુકુલ પટેલ આ અંગે દુરંદેશી સ્વરૂપે તમામ હોસ્પિટલને આયુષ વીમો મળે તેમજ દેશની તમામ વીમા કંપની ધ્વારા દર્દીને અપાતી તમામ ચિકિત્સા કેશલેશ કરી શકાય એવું વીઝન ધરાવે છે.

આ અંગે IRDA ધ્વારા આયુષ વીમાને પ્રમાણિત કરાતાં હવે તમામ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં સારવાર લેતાં ઈન્સ્યોરન્સવાળા દર્દી પોતાની સારવાર કેશલેશ કરાવી શકશે.

આ કેશલેશ સુવિધા માટે તમામ હોસ્પિટલને એક્રેડીએશન મળતાં એનું રોહિણી રજીસ્ટ્રેશન તેમજ એનપેનલ્મેન્ટની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

આવા તમામ પ્રયત્નો સફળ થતાં યુનિવર્સિટી અંતર્ગત ગુજરાતની તમામ હોસ્પિટલમાં કેશલેશ સારવાર ઉપલબ્ધ થઈ જશે. આયુષ્યમાન ભારત કાર્ડ, માતૃત્વ કાર્ડ તેમજ અન્ય સરકારી યોજનાઓ પણ સંલગ્ન હોસ્પિટલમાં ઉપલબ્ધ બનશે.

આ સિવાય ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી એક મલ્ટી સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલ સાથે સંલગ્ન રીસર્ચ સેન્ટર ડેવલપ કરવાનું આયોજન પણ કરનાર છે જેનાથી આવનાર દિવસોમાં આયુષ હોસ્પિટલમાં રોગને આધારીત સ્પેશ્યલાઈઝ સેન્ટર ડેવલપ થશે.

દિલ્હીથી આવનાર NABHનાં ડાયરેક્ટર શ્રી પુનમબહેન ધ્વારા આ બાબતે વિવિધ પ્રેઝન્ટેશન થનાર છે જેનો લાભ યુનિવર્સિટીનાં અંતર્ગત તમામ સેન્ટરને મળશે.

---

નં આયુ/યુનિ/પ/માહિતી/૨૦૨૪-૨૫/૧૫૪ તા.૨૪-૦૪-૨૦૨૪

પ્રતિ,
તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,
મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારી યાદીને પ્રકાશિત કરવા વિનંતી છે.

આભારસહ,

આપનો વિશ્વાસુ,

(એસ.એચ.બારાઈ)
ઈ. માહિતી અધિકારી

1. સર્વે પ્રેસ પ્રતિનિધિઓ તરફ....... ઈ મેઈલ દ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલ બંગલો, જામનગર ( સમાચાર મધ્યોમોને મોકલવાની વિનંતી સાથે )
3. સર્વે વિભાગીય વડાઓશ્રી તરફ....... ઈ મેઈલ દ્વારા ( આપના વિભાગના નોટીસ બોર્ડમાં મુકવાની વિનંતી સાથે )
4. પી.પી. એસ. ટુ વી.સી., કુલપતિશ્રી કાર્યાલય ( યુનિ. વેબસાઈટ ઉપર પ્રસારિત કરવાની સુચના સાથે )